અર્ધી આલમ

- ગાર્ગી વૈદ્ય

બાઈ, તમારાં છૈયાં છોકરાં સારાં છે ?

પેઢી-દર-પેઢીથી છોકરાં સાથે માઓ અડકો-દડકો રમે છે. એ રમતાં રમતાં પૂછે છે : 'બાઈ, તમારા છૈયાં છોકરાં સારા છે ?' જવાબ અપાય છે : 'હા, સારા છે. પીતાંબર પગલાં પાડે છે. ઢેલ પાણી ભરે છે. આચકો, ટાચકો, ભાઈ મારે છે ભુસકો !'

ટૂંકમાં, હા, બાળકો મજામાં છે. રમે છે. કામ કરે છે. ભણે છે. ઊછરે છે. એમને જે જોઈતું હોય તે મળી રહે છે.

પરંતુ હવે, એકવીસમી સદીમાં આમ કહીશું ખરા ? ગરીબોના થોડાક છોકરાં સિવાય કોઈ શેરીઓમાં કે મેદાનોમાં રમે છે ખરાં ? ગાર્ગી વૈદ્યના ઓલ્ટર ઈગોએ વારંવાર વિવિધ ગામડાઓમાં જવાનું થાય છે. ત્યાં બધેય રમવાનું સીમિત બની ગયું છે. ભમરડા, નાગોલચું, આંબલી-પીપળી, માર-દડી, હુતૂતૂ, ખૂંચમણી, સંતાકૂકડી, ગેડી-દડા, ગિલ્લી-દંડા લગભગ નામશેષ છે. હા, કેટલાક સમૃદ્ધ ખેડૂતોના છોકરાં વોલીબોલ કે ક્રિકેટ રમવા લાગ્યા છે ખરા. પણ નથી તો એ સમાવેશક (પાર્ટીસીપેટરી) રમતો કે નથી શરીરને કસનારી રમતો.

અને શહેરોમાં ?

અહીં તો પેલી ગ્રામીણ રમતોના નામ પણ છોકરાં જાણતા નથી. કેટલાક છોકરાં વળી નાની-મોટી ગલીઓમાં ક્રિકેટ રમી લે છે. કરોડોપતિઓના છોકરા કલબોમાં ટેનિસ, બેડમિન્ટન, ચેસ વગેરે રમે છે અને કેટલાક સ્કેટિંગ, સ્વીમિંગ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. હવે શહેરી (અને ક્રમશ: વધુને વધુ ગ્રામીણ) બાળકો માટે સમય પસાર કરવાનું મોટામાં મોટું અને પ્રમાણમાં વધુ હાથવગુ માધ્યમ ટીવી છે. ટેલિવિઝન.

કેટલાય બાળકો ટીવીના આદી બની ગયા છે. કલાકો સુધી ટીવીની સામે બેસે છે. ટીવી જોતાં જોતાં જમે છે. કેટલાક તો ત્યાં સુધી દાવો કરે છે કે અમે ઘરકામ (લેસન) પણ ટીવી જોતાં જોતા જ કરી શકીએ છીએ !

પરંતુ આજકાલ આપણાં બાળકો જે ટીવી જુએ છે તે કયું ટીવી છે ? તે શું આપે છે ? બાળકો એમાંથી શું ગ્રહણ કરે છે? સમજ્યા કે ઘણાં વાલીઓ ખૂબ જ જાગ્રત છે, અને બાળકોને માત્ર 'બાળકો માટેની' ચેનલો જોવા દે છે. સભાનતાપૂર્વક અને ચોકસાઈ રાખીને તેઓ બાળકોને 'ઈતર' ચેનલોથી દૂર રાખે છે. પરંતુ 'માત્ર બાળકો માટેની' ચેનલો કઈ છે ? કેવી છે ? એ શું આપે છે ? આપણા હિન્દી બાળકો માટેની કઈ ચેનલો છે? અથવા એક પણ એવી ચેનલ છે ખરી ? વળી. માતાઓ તરીકે તમને પોતાને આવા પ્રશ્ન થયા છે ખરા ? તો શો છે મત ?

અમે આ અગાઉ પણ અનેક વખત અફસોસ જાહેર કર્યો છે કે દેશમાં ઓછા-વત્તા વ્યાપવાળી હજારેક ટીવી ચેનલો ચાલતી હોવા છતાં માત્ર બાળકો માટેની એક પણ ચેનલ નથી. (જેમ શાસ્ત્રીય સંગીત માટેની પણ એક પણ ટીવી ચેનલ કે રેડિયો ચેનલ નથી.)

અમારા આ વિધાનને તરત જ પડકારવામાં આવશે અને કહેવામાં આવશે કે બાળકોની જ કહેવાય એવી ચાર-પાંચ તો રાષ્ટ્રીય પ્રસારણ ધરાવતી ટીવી ચેનલો છે- પોગો, ચિલ્ડ્રન્સ નેટવર્ક, ડિઝનીલેન્ડ, નિક વગેરે. પણ દોસ્તો ! આમાંથી એક પણ ચેનલને 'આપણી' કહી શકીશું ? રાષ્ટ્રીય કે ભારતીય કહી શકીશું ? એમાં હજુ તો એંશીથી સો ટકા સામગ્રી વિદેશની આવે છે. 'અમે એકસો એકવીસ કરોડ છીએ' એમ કહીને ટારઝનની જેમ (અથવા હવે કહેવું જોઈએ કે બાબા રામદેવની જેમ) છાતી ઠોકનારા કદી વિચારે છે ખરા કે એકાદ તો સંપૂર્ણ સ્વદેશી ચિલ્ડ્રન્સ ટીવી નેટવર્ક હોવું જોઈએ ?

અને બાળકો સમક્ષ રજૂ થતી આ વિદેશી સામગ્રીવાળી ટીવી ચેનલોમાં શું શું હોય છે ? જાપાનની અઘરી રમતગમત ધરાવતી 'તાકેશીઝ કેસલ' નામની શ્રેણીને હિન્દીમાં કલાકાર જાવેદ જાફરી રજૂ કરે છે. એ શ્રેણીમાં આવતી સ્ત્રીઓ-યુવતીઓને જોઈને ભાન ભૂલી જાય છે. રમતમાં ચૂક કરનારાને પકડવા કે પકડીને બહાર ફેંકવા માટે પઠ્ઠાઓને રાખવામાં આવે છે. આવા બે પઠ્ઠાઓ કોઈ યુવતીને ઝાલે ત્યારે જાફરીની જીભે 'બળાત્કાર' શબ્દ ટપકી પડે છે. એણે આ શ્રેણીમાં એકથી વધારે વાર 'બળાત્કાર' શબ્દ વાપર્યો છે. વળી, એની કોમેન્ટરીમાં નારીત્વને ઉતારી પાડતી ટિપ્પણીઓ સતત આવ્યા કરે છે : 'લડકિયોં કો યહ નહીં કરના ચાહિયે. યહ મર્દોકા કામ હૈ,' વગેરે.

અન્ય પણ અનેક શ્રેણીઓમાં બાળસુલભ નહીં, એવા વાક્યો ઉચ્ચારાય છે. સ્ત્રી-પુરુષ સંબંધો ઉઘાડે છોગ દર્શાવાય છે. અરે, 'ટોમ એન્ડ જેરી' જેવી અતિ લોકપ્રિય શ્રેણીમાં જાતિય આકર્ષણ, ધૂમ્રપાન વગેરેનો બેહદ ઉપયોગ કરાય છે. શાહરૂખખાન કોઈક દૃશ્યમાં સિગારેટની બે ફૂંક ઉડાડતો હોય તે સામે ઊહાપોહ કરનારા 'ટોમ એન્ડ જેરી'માં સતત ધુમાતી ચીમની જેવી ચિટટો સામે હજુ અક્ષરેય બોલ્યા નથી.

કેટલીક શ્રેણીઓમાં વિજ્ઞાન કથા અને એમાં આવતા પરગ્રહના પ્રાણીઓને બહાને અતિશય કદરૂપ પ્રાણીઓ બતાવે છે. વિજ્ઞાનની કહેવાતી શ્રેણીઓમાં ધાંયધાંય, ચમકારા, ધમકારા અને ઊડતા ચીંથરા તેમજ બિભત્સ આકારો સિવાય ભાગ્યે જ કશું હોય છે.

અને હવે કેટલાક લોકોએ બાળકૃષ્ણ, ગણેશ, હનુમાન વગેરેના પ્રેરક, પ્રશંસનીય, શુદ્ધ અને કલ્યાણકારી સ્વરૂપોનું અવમૂલ્યન કરવાનું શરૂ કર્યું છે. જે સ્વરૂપોને સેંકડો વર્ષોથી હિન્દવાસીઓ પ્રેરક ગણતા આવ્યા છે એમને સાવ કાર્ટૂનિયા અને ક્ષુલ્લક બનાવી મૂકવામાં આવી રહ્યાં છે. વળી, એ બધા પાત્રોને બહાને ચમત્કારોનો પ્રચાર થઈ રહ્યો છે એ તો બાળ-માનસ માટે ઘાતક નીવડવાનો સંભવ છે.

વળી, આ બધી ચેનલો કમાણી માટે જાહેર ખબરો પર આધાર રાખે એ પણ ધંધાદારી સત્ય છે; અને બાળકો માટેની ચેનલ પર બાળસુલભ ચીજવસ્તુઓની જાહેર ખબરો આવે એ પણ યથાર્થ છે. પરંતુ યુવતીઓ માટેના પૂરેપૂરા 'એડલ્ટ' સૌન્દર્ય પ્રસાધનો તથા અન્ય ચીજવસ્તુઓની જાહેર ખબરો આવે તો સ્વીકાર્ય ન હોઈ શકે. કોઈ વાર બે ત્રણ કલાક બેસીને કોઈ આ 'બાળકો માટેની' ચેનલોમાં આવતી બાળકો માટેની નહીં એવી જાહેર ખબરોની યાદી બનાવે એ જરૂરી છે. આવી યાદી દેશના માહિતી પ્રસારણ મંત્રીને મોકલી શકાય. (અમને આવી યાદી) મોકલવામાં આવશે તો અમેય એને વાજબી સ્થાન અમારા સ્તંભમાં આપીશું.)

વાસ્તવમાં, બાળકોના મનોરંજન અને જ્ઞાન માટેના કહેવાતા કેટલાક કાર્યક્રમો



બાળકોની ભાષા, બાળકોના સંસ્કાર, અરે, બાળકોના ચારિત્ર્યને બગાડનારા હોય છે. અમેરિકા માટે બાર-પંદર વર્ષના છોકરાઓના સંવનન (ડેટિંગ) વગેરે સામાન્ય અને સ્વીકાર્ય છે; આપણા ભૂમિખંડ માટે ખતરનાક છે. અમેરિકા બાર-પંદર વર્ષની બાળકીઓ સંતાનોને જન્મ આપે એ સ્વાભાવિક હશે, આપણા ભૂમિખંડની એક અતિ મોટી સમસ્યા જ વસ્તી વધારાની છે. એ માટે તો આપણે કાનૂન અનુસારની લગ્નવય સતત ઊંચી લઈ જઈ રહ્યા છીએ. વિદેશોની કાર્યક્રમ શ્રેણીઓ બાળકોને અકાળે પ્રૌઢ (એડલ્ટ) બનાવી દે એ પ્રકારની હોય છે. આપણને એ પોસાય તેમ નથી.

આ સમગ્ર ચર્ચાના સાર બે છે : એક સાચી હિન્દ કેન્દ્રિ બાળકોની ચેનલો શરૂ થવી જોઈએ; અને બે હાલમાં જે ચેનલો ચાલે છે એમને અંગે સતત નિરીક્ષણ નિયમન અને નીતિ નિર્ધારણ ચાલવા જોઈએ. જેમ કે -

- જેમ ફિલ્મો માટે હોય છે તેમ બાળકો માટેની ટીવી ચેનલો માટે સારું સેન્સર બોર્ડ હોવું જોઈએ. આજકાલ લોકપાલ તો બહુ ચાલી રહ્યું છે, તે ઠીક છે. મોટેરાંઓના ભ્રષ્ટાચાર પર નિયમન ટાળવા લોકપાલ ભલે નિયુક્ત થાય.અમારે મન બાળકો દેશનું ભવિષ્ય છે અને એ બાળકોના મગજ ભ્રષ્ટ થતા અટકાવવા માટે બાલપાલ નીમવાની તાત્કાલિક જરૂરિયાત છે અને બાલપાલમાં જૂની ખડુસ અભિનેત્રીઓ નહીં પરંતુ શિક્ષકો, વાલીઓ, બાળકોના લેખકો, જેમને માટે આ કાર્યક્રમો બનાવ્યા હોય એમના પણ પ્રતિનિધિ હોવા જોઈએ.
- આ બાલપાલ દરેક કાર્યક્રમને પ્રસારણ અગાઉ અમુક ગુણ આપે અથવા એ, બી, સી વગેરે સર્ટિફિકેટ આપે. એ કાર્યક્રમ કયા વયજૂથના બાળકો માટે અનુકૂળ છે, એ બાબતનો સ્પષ્ટ નિર્દેશ એ સર્ટિફિકેટમાં હોય.
- આ બાલપાલમાં જ એક ફરિયાદ સમિતિ પણ હોવી જોઈએ. તેની પાસે ટેલિફોન વગેરે ઉપરાંત ઈન્ટરનેટ કનેકશન પણ હોવું જોઈએ, જેના પર એને ફરિયાદ તરત મળી શકે. જેની સામે ફરિયાદ થાય તેણે તરત જ કાર્યક્રમનું પ્રસારણ અટકાવી દેવું પડે, એવી જોગવાઈ પણ થવી જોઈએ.
- વારંવાર કસૂર કરતી ચેનલો પર આકરા દંડ લાદવાની જોગવાઈ હોવી જોઈએ.
- કેન્દ્રના માહિતી અને પ્રસારણ વિભાગે બાળકો માટેના કહેવાતા ટીવી પ્રસારણો બાબત વધારે જાગૃતિ રાખવી જોઈએ.

- અને સરકારી તંત્રો આ બાબતમાં જાગૃતિ ન દાખવે તો નાગરિક સમાજે, સિવિલ સોસાયટીએ બાલપાલની માગ બુલંદીથી ઉઠાવવી જોઈએ.

માર્ગદર્શન

- પાયલ ચનાનિયા

તમને પરેશાન કરતા સહકર્મચારીઓ સાથે કઈ રીતે વર્તન કરવું?

સહકર્મચારીઓ સાથે વારંવાર ઝઘડો કરી બેસે તેવા લોકો દરેક જગ્યાએ જોવા મળે છે. ભાગ્યે જ કોઈ એવી ઓફિસ હશે જ્યાં કજિયાખોર વ્યક્તિ નહીં હોય. તેઓ ઊંચા અવાજે બોલવાવાળા, વાતોડિયા, બીજાના કામમાં હસ્તક્ષેપ કરનારા, ઘમંડી, તોછડા અને ગોસિપ કરવામાં માનતા હોય છે. તેઓ બધાની સાથે દલીલો કરવામાં, કોઈનું કામ બગાડવામાં કે ગમે તેને ધમકાવવામાં પણ માને છે. આવા લોકો પીઠ પાછળ છુરા ભોંકવાની આદત ધરાવે છે. આવા લોકો તમારી સાથે પણ સંઘર્ષમાં ઉતરી શકે છે અને તમે તેના પ્રત્યે ધ્યાન ન આપો તો ગમે ત્યારે પર્સનાલિટીની ટક્કર થઈ શકે છે.

આવી સ્થિતિમાં બચવા માટેના કેટલાક રસ્તા આ પ્રમાણે છે :

૧) નારાજગી વ્યક્ત કરીને સહન કરતા રહો : જીવનની અને ખાસ કરીને કામના સ્થળની આ વાસ્તવિકતા છે. આપણે દરેક જગ્યાએ દરેક વ્યક્તિ સાથે સારા સંબંધ ધરાવી શકતા નથી. તમારે ઊંડો શ્વાસ લઈને દરેક પ્રકારની વ્યક્તિ સાથે કામ કરવાની તૈયારી રાખવી જોઈએ.

એક વ્યવહારુ અભિગમ ઘડવાનો પ્રયાસ કરો, જ્યાં તમારે તમને પજવતા લોકોને બહુ ગંભીરતાથી લેવાના નથી. આવી સ્થિતિને ટાળી શકાય તેવા રસ્તા શોધતા રહો. ઉદાહરણ તરીકે તમારી બાજુની ક્યુબિકલમાં બેસતી વ્યક્તિ ફોન પર લાંબી લાંબી વાતો કરતી હોય તો તમારી પાસે હેડફોન લગાવીને બેસી જવાનો ઉપાય હાજર છે.

૨) પ્રમાણિક રીતે આત્મનિરીક્ષણ : કોઈ સહકર્મચારી તમને એટલો ગુસ્સો આપી શકે છે કે તમે તમારા દાંત કચકચાવવા લાગશો અને ટેબલ પર મુઠ્ઠી પછાડવા લાગશો. પરંતુ બીજા સામે આંગળી ચિંધતા પહેલા એટલું વિચારો કે તમારા પ્રતિભાવની શું ખરેખર જરૂર છે? કદાચ એવું પણ બની શકે કે તમે જ બીજાને પરેશાન કરતા હો.

૩) તમારા દૃષ્ટિકોણનો વિચાર : કોઈ પણ પરિસ્થિતિને એટલી હદે તમારા પર હાવિ થવા ન દો કે તેની અસર તમારા વિચારો પર પડવા લાગે. અંતમાં તેનું ખાસ મૂલ્ય જ નથી. તેના બદલે તમરા પ્રતિભાવ માટે જવાબદાર કારણોની સમીક્ષા કરો અને તેને નિયંત્રણમાં લેવાના ઉપાયો શોધો.

ઘણી વાર થોડી ઘણી પરેશાની સહન કરવાથી કે સામાન્ય પરેશાનીઓની અવગણના કરવાથી તમારું કામ આસન થઈ જાય છે. ઘણી વાર એવું બને છે કે બીજાને જાણી જોઈને પરેશાન કરવાના પ્રયાસોનો યોગ્ય પ્રતિભાવ ન મળે ત્યારે તેની અસરકારકતા ઘટી જાય છે અને વ્યક્તિ કંટાળીને બીજાને પરેશાન કરવાનું છોડી દે છે.

નરમ દિલ વલણ અપનાવવાથી પણ તમે સૌથી ખરાબ સ્થિતિમાં રમૂજ પેદા કરી શકશો અને મિત્રો સાથે વાતને હસવામાં કાઢી નાખશો.

૪) સુરક્ષિત સ્થાન : તમારા કામ પર જ ધ્યાન આપવામાં આવે અને પરેશાની પેદા કરતાં સહકર્મચારીની અવગણના કરવામાં આવે તે સૌથી યોગ્ય ઉપાય છે. દાખલા તરીકે કોઈ સાથી કર્મચારી કોફી કે લંચ વખતે વધારે પડતી વાત કરતો હોય તો તમારા ટીબ્રેકનો સમય બદલી નાખો અથવા તો તમારી નજીકના ક્યુબિકલમાં રહેલી વ્યક્તિ તમારું ધ્યાન ભંગ કરવા માટે ઊંચા અવાજે સંગીત વગાડે ત્યારે તમે અન્ય જગ્યાએ તમારું ડેસ્ક ખસેડી શકો છો.

સમસ્યાનો ઉકેલ : સતત પરેશાનીના કારણે તમારા કામમાં ખરેખર ખલેલ પહોંચતી હોય તો તેના વિશે કોઈ પગલાં લેવાય તે જરૂરી છે. કારણ કે નાની પરેશાનીની વારંવાર અવગણના કરવામાં આવશે તો તે ભવિષ્યમાં મોટું સ્વરૂપ ધારણ કરશે, પરિણામે એક સમયે વિસ્ફોટક સ્થિતિ પેદા થશે.

તમને લાગે કે હવે સમસ્યાનો કોઈ ઉપાય નથી ત્યારે તમારે ગુનેગાર વ્યક્તિકનો સામનો કરવો જ જોઈએ અને ઉકેલ શોધવો જોઈએ. પરંતુ ઉતાવળમાં કોઈ પગલું ન ભરશો, કારણ કે તેનાથી યુદ્ધ જેવી સ્થિતિ પેદા થશે. તેના બદલે શાંત ચિત્તે બેસીને તમારી ચિંતાએ હકારાત્મક અને રચનાત્મક રીતે ઉકેલો. તમારો અવાજ નીચો અને વિવેકસભર રાખો. સામેની વ્યક્તિને જણાવો કે તેના પગલાથી કેવી રીતે નુકસાન થઈ રહ્યું છે. અહીં જરૂરી છે કે તમે સામેની વ્યક્તિની ટીકા કરવાનું ટાળવું જોઈએ અને માત્ર તમારી લાગણી વ્યક્ત કરવી જોઈએ.

ઘણી વખત નિયંત્રિત હકારાત્મક અને બિનટીકાત્મક રીતે વિવાદ ઉકેલવાથી પણ કામ થઈ જશે. શક્ય છે કે સામેની વ્યક્તિને પણ એ બાબતનો ખ્યાલ ન હોય કે તે કેવી રીતે બીજા માટે પરેશાની બની રહી છે.

છેલ્લો માર્ગ : આમ છતાં બધા રસ્તા નિષ્ફળ જાય ત્યારે તમારે છેલ્લો માર્ગ અપનાવવો પડશે. તમારે તે વ્યક્તિને ચેતવણી આપવી જોઈએ કે તમે તેના સુપરવાઈઝર, બોસ કે એચઆર વિભાગના વડાને ફરિયાદ કરશો. તમારે સત્તાવાળાઓને જણાવવું જોઈએ કે તમારી બાજુએથી તમે શ્રેષ્ઠ પ્રયાસ કર્યા છે અને વિવાદ ન ઉકેલાવાના કારણે તમારે આમ કરવું પડ્યું છે.

આટલા પ્રયાસો પછી પણ તમારી સમસ્યા ન ઉકેલાય તો તમારે તમારી ઉત્પાદક્તા અને દિમાગ ટકાવી રાખવા માટે નોકરી બદલવા અંગે વિચારવું જોઈએ. પરંતુ યાદ રાખો કે અહીં આખી વાતનો અંત નહીં આવે. તમે બીજી જગ્યાએ જશો ત્યાં પણ આવા લોકો હશે. મેં શરૂઆતમાં જ જણાવ્યું તેમ બીજા માટે પરેશાની પેદા કરનારા લોકો દરેક જગ્યાએ હોય છે.

તુલના

-ફ્રાન્સિસ્કો ગિવાઝી

આપણા અત્યંત ગીચ થઇ ગયેલા શહેરોનો વિકાસ આવશ્યક

પ્રાધ્યાપકશ્રી હું માનું છું કે તમારા હૂંડિયામણ દર અને દેશો વચ્ચે ભાવની તુલનાનો મુદ્દો હજી મને પૂરેપૂરો સમજાયો નથી એમ આશિષનું કહેવું છે. તે મારા એમબીએના વર્ગનો શ્રેષ્ઠ વિદ્યાર્થી છે. તે મારા વર્ગનો શ્રેષ્ઠ વિદ્યાર્થી હતો, તેથી મને તેના કહેવાથી થોડું આશ્ચર્ય થયું. કદાચ મારા વિદ્યાર્થીઓ ખરેખર મૂંઝવણમાં મૂકાઈ ગયા છે. તેણે મને કહ્યું કે તમે કદાચ આ વાત અંગે સ્પષ્ટ હશો પણ હું હજી આ વાત સમજી શક્યો નથી. મને સમજાવો કે તેની પાછળનું કારણ શું છે. મને થોડા સમય પહેલાં જ મુંબઈમાંથી નોકરીની ઓફર મળી. તેમાં દર્શાવવામાં આવેલો હોદ્દો પણ ઘણો પ્રતિષ્ઠિત હતો. હું દિલ્હીમાં ઉછર્યો હોવા છતાં પણ મુંબઈ મને રહેવા માટે અદ્‌ભુત શહેર લાગે છે. જો કે ત્યાં હું ફક્ત એક જ વખત રહેવા આવ્યો છું. અહીંનો પગાર પણ એકદમ આકર્ષક હતો. તે યુરોપીયન કંપનીઓ દ્વારા આપવામાં આવતા પગારથી અલગ ન હતો. હવે તેઓએ જે પગાર ઓફર કર્યો હતો તે પગાર સાથે મારા માટે મુંબઈમાં રહેવા સિવાય છૂટકો જ ન હતો. હું મુંબઈમાં ટકી તો શકું પરંતુ મારી ઓફિસના એપાર્ટમેન્ટની નજીકનો એપાર્ટમેન્ટ ભાડે ન લઈ શકું. આમ આ નોકરી પણ પડકારજનક છે, કારણ કે ઘણી વખત મારે ઓફિસમાં રોકાવું પડે અને ડિનર પણ ત્યાં જ કરવું પડે તેવી નોકરી હતી. કદાચ મારે રાત્રે સૂવાનું પણ ત્યાં આવે. હવે જો તમે મુંબઈમાં નોકરી પછીના સમયનો આનંદ ન ઉઠાવી શકો તો પછી ત્યાં રહેવાનો શું અર્થ છે?

આશિષે છેવટે લંડનમાં નોકરી સ્વીકારી લીધી. તેણે ઈસ્લિંગ્ટનમાં નોકરી સ્વીકારી લીધી. આ સ્થળ ઓફિસથી બહુ નજીક નથી, પણ ત્યાંથી ઓફિસ જતાં ૪૫ મિનિટ લાગે છે. તેના લીધે તેને મોડી રાત સુધી કામ કરવામાં વાંધો આવે તેમ ન હતો. તેને ભારતની ખોટ સાલે છે અને હું જોઉં છું કે તે હજી પણ મને હૂંડિયામણ દર અને ભાવ અંગે પ્રશ્નો પૂછે છે. દેશના વિકાસના ચાલકો શહેરો અને યુવાનો છે. હાર્વર્ડ યુનિવર્સિટીના એડ ગ્લાસરે તેમના નવા પુસ્તક ટ્રિમ્ફ ઓફ ધ સિટીમાં સમજાવ્યું છે કે શહેરો માનવ જીવનનું શ્રેષ્ઠ બહાર લાવે છે. ઈતિહાસ દર્શાવે છે કે દેશની સફળતાનો આધાર શહેરોના આરોગ્ય પર છે. એકબાજુએ વિચારો હોય છે અને બીજી બાજુએ યુવાનોમાં આ વિચારોના આધારે પ્રોજેક્ટોને નફાકારક બનાવવાની ક્ષમતા હોય છે. તમે જે ૨૫ વર્ષે કરી શકતા હોવ છે તે ૫૦ વર્ષે કરવું અઘરું હોય છે. મુંબઈએ આશિષ જેવા યુવાનની સેવા ગુમાવી તે ભારતની વિકાસલક્ષી મુશ્કેલીઓ છે.

હવે કોઈ યુવા વ્યાવસાયિક મુંબઈમાં તેની ઓફિસેથી રહેણાક મકાન સુધી કેટલું અંતર હોય તો રહી શકે. આ માટે કેટલાક મુશ્કેલ પગલાં લેવા પડે છે. તેના માટે ભવિષ્ય અંગે દૃષ્ટિ ધરાવતી સરકારની જરૂર પડે છે. મુંબઈનો મોટાભાગનો હિસ્સો બિનકાર્યક્ષમ અને લો-રાઈઝ મકાનોનો બનેલો છે. હવે આ મકાનો ગમે તેટલા પ્રમાણમાં ઉપલબ્ધ હોય પણ તે એમબીએ જેવી ડિગ્રી ધરાવતા યુવાનોની વસવાટની ગુણવત્તાના સંદર્ભમાં

આપણા દેશના વિકાસનો આધાર યુવાનો અને શહેરો પર છે, ભારતે બંનેનો વિકાસ સાધવો હોય તો તેના શહેરી ઇન્ફ્રાસ્ટ્રકચરમાં સુધારો કરવો પડશે

ઉતરતી કક્ષાના છે. આ પ્રકારના મકાનોનું સ્થાન કાર્યક્ષમ હાઈરાઈઝ ફિલ્ડિંગ લઈ શકે છે. કેટલાક ઐતિહાસિક વિસ્તારોની જાળવણી થવી જોઈએ. પણ તે આત્યંતિક રીતે વિસ્તરેલા શહેરમાં માંડ અડધો માઈલ જેટલું ક્ષેત્રફળ ધરાવે છે. શાંઘાઈએ આ જ રીતે પોતાનામાં ધરમૂળથી પરિવર્તન કર્યું છે તેણે કેટલાક ઐતિહાસિક બજારો જાળવી રાખ્યા છે અને તે સિવાયનું આખું શહેર બદલી નાખ્યું છે અને યુરોપના પણ કોઈ શહેરને ઝાંખો પાડી દે તેવો તેનો નઝારો છે.

ન્યૂયોર્કે પણ આધુનિક સ્વરૂપ ધારણ કર્યું તેમા તેની કેટલીક ઐતિહાસિક બાબતોને જેમની તેમ રહેવા દીધી છે. અહીં વાસ્તવમાં મકાનોની અછત નથી, પણ ત્યાં જે લોકો રહે છે તેમની માનસિકતાના લીધે આવી અછત વર્તાઈ છે. એક વખત આવા હાઈ રાઈઝ તૈયાર થઈ ગયા પછી જૂના રહેવાસીઓ પણ વસી શકશે અને એમબીએ થયેલો યુવા વર્ગ પણ વસી શકશે. કેટલાક પડોશીઓ સાથે મુંબઈની પુર્નરચના કરવી આ દાયકાની શ્રેષ્ઠ બાબત કહેવાશે. આ સંજોગોમાં મુંબઈમાં વસતી વર્તમાન પ્રજાની કેવી સ્થિતિ રહેશે?તેનો જવાબ આધુનિક મેટ્રો સિસ્ટમ છે. દિલ્હીએ આવું કર્યું છે અને મુંબઈની પ્રથમ મેટ્રો રેલવે શરૂ થવાની તૈયારીમાં છે. મેટ્રોથી બે અર્થ સરશે, એક તો મુંબઈના પડોશના વિસ્તારોનો વિકાસ થશે અને તેના લીધે કામચલાઉ ધોરણે શહેરમાં વસવા આવતા લોકો આ સ્થળોએ રહેવા જશે. આ સિવાય શહેરમાં રહેતા લોકો પણ નોકરીઓ માટે કામચલાઉ ધોરણે આ સ્થળોએ વસવાટ પસંદ કરશે. હવે જો આ શહેરે સફળ શહેર સાબિત થવું હોય તો અહીં કામચલાઉ ધોરણે રહેવા આવનારા માટે હાઈ રાઈઝ ફાળવવા પડશે. અત્યારે તો આ શહેરમાં ગિરદી એટલી વધી ગઈ છે કે નવા હાઈરાઈઝ બિલ્ડિંગ પણ તેના માટે પૂરતા નથી, આવા સંજોગોમાં મેટ્રોના સથવારે મુંબઈની આસપાસના વિસ્તારોનો વિકાસ શક્ય બનશે.

ફક્ત મુંબઈ અને દિલ્હીમાં જ નહીં બેંગ્લોર, કોલકાતા, ચેન્નાઈ અને હૈદરાબાદમાં પણ નવા મેટ્રો પ્રોજેક્ટ લોન્ચ થઈ રહ્યા છે. હું માનું છું કે તેના બે કારણ છે એક તો મુંબઈ અને દિલ્હીમાં મેટ્રોને સફળતા મળી છે તો બીજું નવી દિલ્હીની સ્વચ્છ અને કાર્યક્ષમ મેટ્રોએ શહેરના નવા ક્ષેત્રો ખોલી આપ્યા છે. હજી બે વર્ષ પહેલાં ગુરગાંવમાં રહેવું અને દિલ્હીના પરાવિસ્તારનમાં નોકરી કરવી દુસ્વપ્ન સમાન બાબત હતી. પણ હવે ગુરગાંવથી દિલ્હી ફક્ત ૩૦ મિનિટમાં પહોંચી જવાય છે. દિલ્હી મેટ્રો તે વાતનો પુરાવો છે કે ભારત આવા આધુનિક સ્તરના પ્રોજેક્ટો પૂરા કરી શકે છે.

બીજું નાણાકીય સંસાધનો પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ભારતની જીડીપી વર્ષે આઠ ટકાના દરે વધી રહી છે અને વાસ્તવિક વ્યાજદર પાંચ ટકા છે. સરકાર બેલેન્સ્ડ પ્રાઈમરી બજેટને લક્ષ્યાંક બનાવી રહી છે. આ કુલ ખર્ચની સપાટી છે અને આવકનો અંદાજ પણ તેટલો મૂકાયો છે. ભારતનો દેવા-ઈક્વિટી રેશિયો જીડીપીના ૭૦ ટકાથી નીચે રહે તો પણ રાજકોષીય અવકાશ મુજબ દર વર્ષે જીડીપીના બે ટકાનું રોકાણ તેની પાછળ કરી શકાય છે. આપણે આઠ ટકાનો વિકાસદર જાળવી રાખવો હોય તો તેના માટે આટલું રોકાણ કરવું તો જરૂરી છે.

જીડીપીના ૭૦ ટકાથી પણ નીચે ઋણ ઘટાડવા અને રોકાણ કરવાનું જોખમ ભારત લઈ શકે છે. તેનો આધાર પબ્લિક પ્રોજેક્ટોની ગુણવત્તા પર છે. પ્રોજેક્ટ રચનાત્મક હોવાની સાથે તેને સમયસર પૂરો કરવો અને ભ્રષ્ટાચારને ટાળવાની સાથે જાહેર ક્ષેત્રના રોકાણોમાં કેટલાકનું મોનિટર કરવું સરળ હોય છે. દિલ્હી અને મુંબઈ વિકાસના સારા ઉદાહરણ છે અને હવે બીજા શહેરો પણ તેનો અનુસરી રહ્યા છે.